(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

આગામી ૩૦મી એપ્રિલના રોજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન થનાર છે. જેને લઈ બનાસકાંઠા લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવારો ધાનેરા સહિતના વિસ્તારમાં વ્યાપક પ્રચાર ઝુંબેશ હાથ ધરી છે.

આવતીકાલે રવિવારે આરટીઓ કચેરી ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા વાહનોનો રીકીંગ ટેક્ષ સ્વિકારવા માટે તા. ૩૦મી માર્ચ રવિવારના દિવસે પણ આરટીઓ કચેરી કાર્યરત રાખવાની જાહેરાત કરી છે. આ રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યાથી બપોરના ૩.૦૦ વાગ્યા સુધી આરટીઓ કચેરી કાર્યરત રહી વાહનોનો રીકરીંગ ટેક્ષ સ્વીકારશે. ઉપરોક્ત માહિતી ગાંધીનગરના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક અખબારી યાદીમાં આપી હતી.

લોકસભા સેવા કર્મચારીઓ પોતાનું નામ સેવા મતદારને બદલે સામાન્ય મતદાર તરીકે નોંધણી કરાવી શકશે

ગાંધીનગર, તા. ૨૮

ભારતના ચૂંટણી પંચ દ્વારા સેવા કર્મચારીઓ કે જેઓ ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ પીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હોય તેઓ પોતાનું નામ સેવા મતદારને બદલે સામાન્ય મતદાર તરીકે મતદારયાદીમાં નામ નોંધાવી શકે તે મુજબના નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમો અન્વયે કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

આ સૂચનાઓ મુજબ તા. ૧-૧-૨૦૧૪ના રોજ અને ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાની તારીખ એટલે કે તા. ૨-૪-૨૦૧૪ સુધી ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ પીસ સ્ટેશન ખાતે સળંગ ફરજ બજાવતા હોય તેવા સેવા કર્મચારીઓ પોતાનું નામ સેવા મતદારને બદલે સામાન્ય મતદાર તરીકે નોંધણી કરાવવા માટેની અરજી નિયત કરવામાં આવેલ પદ્ધતિ અનુસાર અને નિયત નમૂના મુજબના કબૂલાતનામા સાથે કરી શકશે.

કોટેશ્વરમાં એનએસએસના શિબિરાર્થીઓએ ગ્રામજનોને પર્યાવરણના પાઠ ભણાવ્યા

ગાંધીનગરની નાથીબા કોલેજના મહિલા અધ્યાપકની મદદથી સાબરમતી કોલેજના પાર્ટટાઈમ મહિલા પ્રોફેસરે શિબિરને યાદગાર બનાવી

ગાંધીનગર, તા. ૨૮

સાબરમતી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા મોટેરા પાસેના કોટેશ્વર ખાતે શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિર દરમ્યાન ગાંધીનગરની નાથીબા આર્ટસ કોલેજના પ્રોફેસર તેમજ એનએસએસ વિંગના કો-ઓર્ડિનેટર ભારતીબેન દલવાડીના સહકારથી વિદ્યાર્થીઓ દ્વારા એક રેલી યોજવામાં આવી હતી.

એનએસએસ શિબિર દરમ્યાન યોજાયેલી આ રેલી દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા ગ્રામજનોને પર્યાવરણ સંબંધી જાગૃત કરવા માહિતગાર કરવામાં આવ્યા હતા. આ રેલી કોટેશ્વર પ્રાથમિક શાળાથી નીકળીને સમગ્ર ગામમાં ફરી શિબિર સ્થળે પરત ફરી હતી. કેમ્પના સ્થળ પહોંચ્યા બાદ શિબિરાર્થીઓ દ્વારા કાવ્ય પઠનની અનોખી કવાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓએ તેમનામાં રહેલા નેતૃત્વ વિકાસના લક્ષણોનો પરિચય કરાવ્યો હતો. જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકોરે આ સમયે વિદ્યાર્થીઓને પર્યાવરણીય બાબતોને આવરી લઈ નગરનો કચરો, બાયો-મેડીકલ વેસ્ટ, ઈ-વેસ્ટ, વર્મીકમ્પોસ્ટ, પ્લાસ્ટિક વેસ્ટ વગેરેમાંથી તૈયાર કરવામાં આવતા પતરાંના નમૂના દર્શાવ્યા હતા તેમજ પ્રશ્નોત્તરી અને ચર્ચા દ્વારા કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે સાબરમતી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા તેમના વર્ષોથી નિયમિત અને કાયમી પ્રાધ્યાપકોને બદલે પાર્ટ ટાઈમ સર્વિસ કરતા પ્રાધ્યાપક શ્રીમતિ મુરલીબેન દવેને આ શિબિર માટેના કો-ઓર્ડિનેટર બનાવાયા હતા પરંતુ મુરલીબેને ગાંધીનગરના નાથીબા આર્ટસ કોલેજના ભારતીબેન દલવાડીના સહકારથી આ શિબિરને સફળ બનાવી હતી.

આજે અમદાવાદમાં 'કલાઈમેટ ચેન્જ'ને રોકવા સાઈકલ રેલી યોજાશે

અમદાવાદ, તા.૨૮

વિશ્વભરમાં આજનો દિવસ 'કલાઈમેટ ચેન્જ' રોકવા અને તે અંગે જન જાગૃતિ ફેલાવવા અંગે ઉજવવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત વિશ્વના લગભગ ૭૦૦૦ શહેરોમાં સાંજે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યા સુધી એક કલાક માટે પોતાના ઘર અને ઓફિસ, દુકાન વગેરેની સંપૂર્ણ લાઈટસ અને પાવરથી ચાલતા તમામ ઉપકરણો બંધ રાખી ઉર્જાની બચત કરવામાં આવે છે. અમદાવાદની 'ડ્રીમ્સ' સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આ પ્રસંગે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

માનવ સર્જિત ઉર્જાનો ત્યાગ કરી કુદરતી તરફથી મળતી ઉર્જા 'રીન્યુએબલ એનર્જી' તરફ વળવાના સંદેશ સાથે 'ડ્રીમ્સ' સંસ્થા દ્વારા પ્રદુષણના વિરોધમાં 'કલાઈમેટ ચેન્જ'ને રોકવા સાયકલ રેલી આયોજિત કરવામાં આવી છે. આ સાયકલ રેલી સવારે ૬.૩૦ વાગે બોપલ ચાર રસ્તાથી શરુ થઈ સવારે ૮.૪૫ વાગે નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે પહોંચશે. આ દરમિયાન રસ્તામાં સ્ટાર બજાર, જોધપુર ચાર રસ્તા, શિવરંજની, આઈઆઈએમ, પાંજરાપોળ, ગુજરાત યુનિ. થઈને કોમર્સ ચાર રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તાથી સીજી રોડ અને મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા ચાર રસ્તા, સ્ટેડીયમ છ રસ્તા થઈને સરદાર પટેલ સ્ટેડીયમ પર પહોંચશે. આ સાઈકલોન દરમિયાન સવારના મોર્નિંગ વોકર્સ, આમ જનતા, શાળાએ જતાં બાળકો અને નોકરિયાતોને પર્યાવરણ અંગે જાગ્રત કરી પ્રદૂષણનો વિરોધ કરવા અને ઉર્જાની બચત કરવા અંગે માહિતગાર કરવામાં આવશે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા પંથકમાં બપોરના સમયે કાળઝાળ ગરમીનો માહોલ શરૂ થયો છે. બપોરના સુમારે આગ ઝરતી ગરમીથી ઠંડક મેળવવા માટે લોકો પંખા, એસી, કુલર જેવા ઉપકરણો અને ઠંડા પીણાનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે શહેરમાં સેવાભાવી દાતાઓ દ્વારા ઠંડા પાણીની પરબો પણ શરુ કરવામાં આવી છે. ડીસા મામલતદાર બસ સ્ટેન્ડ રોડ પર આદર્શ હાઈસ્કુલની સામે ભોલેનાથ વોટર સપ્લાયર્સના માલિક મુકેશભાઈ જોષી દ્વારા કાળઝાળ ગરમી વચ્ચે લોકોને સ્વચ્છ અને ઠંડુ પાણી મળે તે માટે મિનરલ વોટરની પરબ શરુ કરવામાં આવી છે. ગત વર્ષે જલારામ મિત્ર મંડળ દ્વારા બગીચા, જલારામ મંદિર સહીત કેટલાક વિસ્તારોમાં મિનરલ વોટરની પરબો શરુ કરાઈ હતી પરંતુ આ વખતે વોટર સપ્લાયર્સના માલિક દ્વારા લોકો માટે સ્વચ્છ અને ઠંડા પાણીની પરબ શરુ કરવામાં આવી છે. જેનો લાભ વટેમાર્ગુઓ તેમજ અન્ય લોકો મોટી સંખ્યામાં લઈ રહ્યા છે.

છેડતીનો શિકાર થઈ ચુકેલી યુવતીના સમર્થનમાં ધરણા

જે.જી. કોલેજની મેડીકલ હોસ્ટેલમાં વિદ્યાર્થીની સાથે રસોઈયાએ કરેલ છેડતીના વિરોધમાં આજે એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં ધરણા યોજવામાં આવ્યા હતા. જેજે કોલેજના આચાર્ય સૌરભ ચોકસીના રાજીનામાની માંગ સાથે બેનરો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.

અમદાવાદની જેજી કોલેજની મેડીકલ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીની સાથે રસોઈયાએ છેડતીની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી, ત્યારે આ ઘટનાના વિરોધમાં આજે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ દ્વારા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. "ગુજરાતની દિકરી, પત્ની સુરક્ષા વિષે પગલાં લો," "સૌરભ ચોકસી હાય હાય", પીડીત વિદ્યાર્થીનીને ન્યાય આપ, જેવા બેનરો સાથે દરણા પર બેઠેલા એનએસયુઆઈના કાર્યકર્તાઓ યુનિવર્સિટી કેમ્પસમાં સુત્રોચ્ચાર કર્યો હતો. એનએસયુઆઈનાં કાર્યકર્તાઓએ માંગ કરી હતી કે આવડી મોટી ઘટના બની હોવા છતાં મેનેજમેન્ટ જેજી કોલેજના આચાર્ય સૌરભ ચોકસીનું રાજીનામુ કેમ નથી લેતું એટલુ જ નહીં જે આગામી સમયમાં દોષિત રસોઈયા સામે પગલા નહીં ભરવા આવે તો ઉગ્ર દેખાવની ચિમકી પણ એનએસયુઆઈ દ્વારા આપવામાં આવી હતી.

૧૩ જેટલા વિભાગોએ ચકાસણી માટે એ.જી. કચેરી ફાઈલો મોકલવાની રહેશે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય સરકારે સામાન્ય અને સામાજીક ક્ષેત્ર અને આર્થીક તેમજ મહેસુલી ક્ષેત્રને લગતી બાબતોના ઓડીટ માટે કઈ એ.જી. કચેરીને કયા વિભાગે ફાઈલો મોકલવી એ અંગે વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

ઓડીટ પારાની ચકાસણી માટે સચિવાલયના વિભાગો દ્વારા સામાન્ય રીતે તેમના વિભાગની ફાઈલો એકાઉન્ટ જનરલ અમદાવાદને કે રાજકોટને ફાઈલો મોકલતા હોય છે. પરંતુ કયા વિભાગે કઈ એ.જી. કચેરીમાં તેમની ફાઈલો મોકલવી તેમનો ખ્યાલ હોતો નથી. પરીણામે બે માંથી ગમે તે કચેરીમાં ફાઈલો મોકલી આપવામાં આવે છે. આથી ઘણી વખત આ એ.જી. કચેરીમાં નહી પરંતુ બીજી એ.જી. કચેરીમાં ફાઈલ મોકલવા લખાઈને ફાઈલ પરત આવે છે.

એકાઉન્ડન્ટની કચેરી રાજકોટે એક પત્રથી એવુ જણાવેલ છે કે રાજ્યની એકાઉન્ટન્ટની બન્ને કચેરીઓ વચ્ચે વિભાગવાર કામગીરી વહેંચાયેલી છે. આથી તે પ્રમાણે જે તે વિભાગોએ તેમની ફાઈલો જરૂરી મંજુરી ચકાસણી માટે સંબંધિત કચેરી અમદાવાદ કે રાજકોટ ખાતે મોકલી આપવાની રહેશે.

જે અનુસાર સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ કાયદા વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, શિક્ષણ વિભાગ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ સહીતના અંદાજે ૧૩ જેટલા વિભાગોએ સામાન્ય અને સામાજીક ક્ષેત્રની બાબતોની ચકાસણી અને જરૂરી મંજુરી માટે એ.જી. કચેરી રાજકોટને ફાઈલો મોકલાવી રહેશે.

જ્યારે આર્થિક અને મહેસૂલી વિભાગ, નાણા વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, ઉદ્યોગ ખાણ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ બંદરો અને વાહન વ્યવહાર વિભાગે એ.જી. કચેરી અમદાવાદને મોકલવાની રહેશે.

એ.જી. કચેરી રાજકોટ દ્વારા કામગીરી વહેંચવામાં આવેલી હોઈ હવે નક્કી કરવામાં આવેલ જે તે વિભાગે સંબંધિત અમદાવાદ અથવા રાજકોટ એ.જી. કચેરીને ફાઈલો મોકલવાની રહેશે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલય પરીક્ષા કેન્દ્રમાં અંધ અને વિકલાંગ વિદ્યાર્થીઓએ ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ ની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં આપી હતી.જયંતીભાઈ એચ.પટેલ અને મીનાક્ષીબેન કે.દવેના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતા અંધ અને વિકલાંગ વિદ્યાર્થીઓએ ભિલોડા એન.આર.એ.વિદ્યાલય પરીક્ષા કેન્દ્રમાં શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી.જેમાં ૬ અંધ વિદ્યાર્થીઓ અને ૨ વિકલાંગ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.ધોરણ.૧૦ અને ધોરણ.૧૨ ના અંધ અને વિકલાંગ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે પરીક્ષામાં પેપરો સારા ગયા હોવાનું જણાવ્યું હતું.

બીઆરટીએસને કારણે વધુ એક રસ્તો બંધ થયો

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ શહેરમાં હાલમાં બીઆરટીએસને લીધે અનેક સમસ્યાઓ ઉભી થઈ રહી છે. જેમાં ખાસ કરીને ટ્રાફિકની સમસ્યા ઉભી થઈ છે અને રસ્તાઓ પણ સાંકળા કરી દેવામાં આવ્યા છે, જ્યાં બીઆરટીએસની જરૂરીયાત નથી તેવા રસ્તાઓ ઉપર પણ બીઆરટીએસના રૂટ બનાવી દેવામાં આવ્યા છે. તેવા સંજોગોમાં બીઆરટીએસને કારણે વધુ એક રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. લો ગાર્ડન સ્થિત રવિશંકર આર્ટ ગેલેરીથી પંચવટી તરફ જતાં બીઆરટીએસના કોરિડોરનું કામકાજ ચાલતું હોવાથી આ રસ્તાને બંધ કરી દેવામાં આવ્યો છે, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે અને ટ્રાફીકની સમસ્યા પણ વધુ ઉદભવે છે.

મોડલ-ડે પ્રોજેક્ટ અંતર્ગત નવી ૫૦ શાળા શરૂ કરાશે

રાજ્યના કુલ ૫૦ તાલુકાઓમાં શાળા શરૂ કરવાની મંજુરી ૬થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને અભ્યાસની સગવડ મળશે

અમદાવાદ, તા.૨૮

રાજ્યમાં ઓછો સાક્ષરતા દર ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં સાક્ષરતા વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રવાસ પ્રવાસ કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે આ વિસ્તારોમાં વધુ ક્ષમતા અને ઉચ્ચ ગુણવત્તાવાળી ડે બોર્ડિંગ શાળા શરૂ કરવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક નવો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જેના અંતર્ગત રાજ્યના ૫૦ તાલુકાઓમાં આવી નવી ૫૦ શાળાઓ શરૂ કરવાની મંજુરી મળી ગઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સોસાયટી દ્વારા ગ્રામીણ વિસ્તારોની શાળાઓનું સંચાલન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા ઓછો સાક્ષરતા દર ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ખાસ શાળાઓ શરૂ કરવાની યોજના આરંભાઈ છે. જે શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને અભ્યાસની સગવડ આપવામાં આવે છે. આ સંસ્થાએ રાજ્યમાં ગુજરાત મોડેલ-ડે સ્કુલ પ્રોજેક્ટ અંતર્ગત નવી ૫૦ શાળાઓ શરૂ કરવાની મંજુરી માંગી હતી. જેને નરાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા લીલી ઝંડી આપી દેવામાં આવી છે. આ મોડલ શાળાઓમાં અંગ્રેજીના વિષય ઉપર ભાર મુકીને ગુજરાતી માધ્યમના વર્ગો ચલાવવામાં આવશે. આ શાળાઓમાં કોમ્પ્યુટરનું જ્ઞાન, રમત-ગમત, વ્યક્તિત્વ વિકાસ, સાહિત્ય અને કૌશલ્ય નિર્માણ ઉપર ભાર મુકવામાં આવશે. તેમજ વિદ્યાર્થીઓને ઘરેથી શાળા અને શાળાથી ઘરે લાવવા-લઈ જવા માટે સ્કુલ બસની પણ વ્યવસ્થા કરવામાં આવશે તેમજ બપોરનું ભોજન અને નાસ્તો પણ અપાશે. આ ૫૦ મોડલ-ડે શાળાઓ પૈકી ૨૦ જેટલી શાળાઓમાં સ્પેશ્યલ ચિલ્ડ્રન માટે ખાસ સેન્ટર શરૂ કરવા માટે એક પ્રોજેક્ટ પણ ઉમેદવારમાં આવ્યો છે જ્યારે આ શાળાઓમાં પ્રથમ વર્ષ ધોરણ ૬, ૯ અને ૧૧ના વર્ગોમાં ૨૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

શબ્દાવલી - ૫૩૫૧



આડી ચાવી

૧. ગાંડવેડા (૫)
૫. એક જાતનો ઘોડો, હથોડાને અંગ્રેજીમાં કહેવાય (૩)
૬. ગાગર, માંડ માંડ (૨)
૭. ખેલકૂદ (૬)
૧૦. વગડો-રેતીનું મેદાન (૨)
૧૧. મગ જેવું કઠોળ (૨)
૧૩. ખુબ, અતિશય (૨)
૧૫. ઘર, ઝુપડું (૩)
૧૭. ઘા કરવો (૩)
૧૯. પપ્પાના નાના ભાઇ (૨)
૨૦. કારીગરી જાણનાર કલાકાર (૪)
૨૨. નાહવાની જગ્યા (૩)
૨૩. રઝળપટ્ટી, ભટકવું (૪)

ઊભી ચાવી

૧. તુચ્છ (૩)
૨. આ વનસ્પતિના મુળનું અથાણું થાય (૪)
૩. પાટ, ખાટલો (૩)
૪. દર (૨)
૬. શોક (૩)
૮. તિખારો (૩)
૯. ડાયાબીટીશ (૫)
૧૨. મારવું, ઠપકો આપવો (૫)
૧૪. વિશાળ, ઠપકો આપવો(૫)
૧૬. રણકારનો અવાજ (૪)
૧૯. પત્ર, લેટર (૩)
૨૧. ખીજનું વિરોધી (૨)

શબ્દાવલી ૫૩૫૦ના જવાબ

આડી ચાવી :- (૧) પક્ષપાતી (૬) રમા (૭) રથાંગપાણી (૮) સુયાણી (૯) ચચ (૧૦) મશીનગન (૧૨) મનામણા (૧૪) જાનમાલ (૧૬) આદમ (૧૮) વોક (૧૯) કામણટૂમણ

ઊભી ચાવી :- (૧) પરસુરામ (૨) ક્ષમાયાચના (૩) તીર (૪) આગમન (૫) વાણી (૧૦) મણા (૧૧) ગરમાવો (૧૩) મથામણ (૧૪) જાલીમ (૧૫) લકટી (૧૬) આકા (૧૭) દમ

મોડેલ રોડ પરના દબાણો છેવટે દૂર કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોન તથા પૂર્વ ઝોનની સંયુક્ત કામગીરીના ભાગરૂપે દિવાન બલ્લુભાઈ સ્કુલથી અનુપમ બ્રીજ થઈ ખોખરા સર્કલ થઈ હાટકેશ્વર સર્કલ થઈ ગુરૂજીબ્રીજ સુધીના જાહેર રસ્તાને મોડલ રોડ તરીકે વિકસાવવામાં આવ્યો હતો. જેમાં રસ્તા પરના વેન્ડર્સોને વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવી હતી અને વ્યવસાયિક પ્રવૃત્તિ ચાલુ ન રાખવાની સૂચના આપવા છતાં પણ તેનો અનાદર કરનારા દબાણકર્તાઓનો દબાણો દૂર કરી દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

કંપની સમાચાર

કોર્ડ બ્લડના ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રણી સ્ટેમસાઈટ ભારતમાં પબ્લિક બેન્કિંગ સુવિધા પ્રદાન કરનારી એકમાત્ર સક્રિય કંપની તરીકે ઉભરી

યુએસએ સ્થિત સ્ટેમસાઈટ ઈન્ક. નું એક એકમ એવી સ્ટેમસાઈટ ઈન્ડિયા ભારતના સ્ટેમ સેલ બિઝનેશમાં અગ્રિલિકલ કોર્ડ બ્લડ (યુસીબી) સ્ટેમ સેલ્સના પ્રાઈવેટ બેન્કિંગ, પબ્લિક બેન્કિંગ અને સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટની સુવિધા પ્રદાન કરતી એક માત્ર કંપની તરીકે ઊભરી છે. આગામી બે-ત્રણ વર્ષ દરમિયાન કંપની દેશભરમાં નવા કલેકશન સેન્ટર્સ શરૂ કરી તેમજ યુસીબી યુનિટની ૫૦૦૦ કરતા વધુ પબ્લિક ઈન્વેન્ટ્રી ઊભી કરીને ભારતમાં પોતાની કામગીરી વિસ્તારવાનું આયોજન ધરાવે છે. કંપની વધુ પ્રમાણમાં ટ્રાન્સપ્લાન્ટસ કરવા પર લક્ષ્ય ધરાવે છે.

સ્ટેમસાઈટ ઈન્ડિયા યેરાપ્યુટિકસ પ્રા.લિ. એ યુ.એસ.એ. ની સ્ટેમસાઈટ ઈન્ક, એપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝીસ લિ. અને કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિ. વચ્ચેની સંયુક્ત સાહસરૂપી કંપની છે. કંપનીએ વર્ષ ૨૦૧૦માં પોતાની ભારત ખાતેની કામગીરીનો પ્રારંભ કર્યો હતો અને અત્યાર સુધીમાં તેણે ૧૦૦૦ કરતાં વધુ પબ્લિક અગ્રિલિકલ કોર્ડ બ્લડ યુનિટસ એકત્ર કર્યા છે. સ્ટેમસાઈટ દિલ્હી, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, આન્ધ્ર પ્રદેશ , કર્ણાટક અને તામિલનાડુમાં કલેકશન સેન્ટર્સનું વિસ્તૃત માળખું ધરાવે છે. અમદાવાદમાં આવેલા કંપનીના વડામથકમાં સંગ્ર અને પ્રોસેસિંગનું કેન્દ્ર છે.

વિક્રમી મતદાનની સંભાવના

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

અહીં પુરુષ અને મહિલાઓએ મેદાનમાં ઝંપલાવ્યા બાદ પાંચ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી હતી. ૧૨ પુરુષ અને એક મહિલા એમ કુલ ૧૩ ઉમેદવારોએ વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી હતી પરંતુ ચાર પુરુષ ઉમેદવારોના ઉમેદવારી પત્ર રદ થયા હતા જ્યારે એક પુરુષ અને એક મહિલાએ ઉમેદવારી પાછી ખેંચી હતી જેથી છેલ્લે સાત ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા હતા જે પૈકી પાંચ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી દીધી હતી. વડોદરામાં કુલ મતદારોની સંખ્યા ૭૪૭૧૨૯ નોંધાઈ હતી અને વડોદરા બેઠક ઉપર કુલ ૪૯.૦૨ ટકા મતદાન નોંધાયું હતું. વડોદરામાં ૨ ઉમી મે ૨૦૦૯ના દિવસે છેલ્લી લોકસભાની ચૂંટણી માટેનું પરિણામ જાહેર કરાયું હતું. અહીં ભાજપના બાલકૃષ્ણ ખાંડેરાવ શુક્લાએ કોંગ્રેસના સત્યજીતસિંહ ઉપર ૧૩૬૦૨૮ મતે જીત મેળવી હતી. છેલ્લી લોકસભાની ચૂંટણી પર નજર કરવામાં આવ્યા બાદ લાગે છે કે, આ વખતે મોદીની લહેર વચ્ચે જીતનો અંતર ભાજપ વધારી શકે છે. મોદીના સમર્થકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોદીને રેકોર્ડ અંતરથી જીત અપાવવા માટે સમર્થકો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. મોદી માત્ર વડોદરામાંથી જ નહીં બલ્કે વારાણસીમાં પણ ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરા ગુજરાતના ત્રીજા સૌથી મોટા શહેર તરીકે છે.

અમદાવાદ અને સુરત બાદ વડોદરા ત્રીજા સૌથી મોટા શહેર તરીકે છે. વડોદરા રાજ્યના પાટનગર ગાંધીનગરથી ૧૩૯ કિલોમીટરના અંતરે અમદાવાદના દક્ષિણ પૂર્વે વિશ્વામિત્રી નદીના કિનારે સ્થિત છે. દિલ્હી અને મુંબઈને જોડનાર રેલવે લાઈન અને નેશનલ હાઈવે વડોદરામાંથી પસાર થાય છે. વસ્તીગણતરી મુજબ વડોદરામાં ૧.૬ મિલિયન લોકોની વસતી છે.

કારણદર્શક નોટીસ

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા વારંવાર સમીક્ષા બેઠકો યોજવાની તેમજ કામગીરીની સમીક્ષા માટેની બેઠકો યોજવાના મુદ્દે લઈ ભારે ગણગણાટ તંત્રમાં જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયત આમેય છેલ્લા ઘણા સમયથી વિવાદનું કેન્દ્ર બનેલ છે અને આ વધુ એક વિવાદ ઉભો થતાં પંચાયતી રાજ વ્યવસ્થા ભારે ચર્ચામાં આવેલ છે જે ઉલ્લેખનીય છે.

માર્ગોની સુધારણા

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

આગામી એપ્રિલ મહીનામાં માર્ગ સુધારણાના બાકી કામો પણ હાથ ધરવામાં આવશે. જેમાં શહેરના 'ગ' માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાશે. 'ગ' માર્ગને ચકાચક બનાવવા રૂ. ૪.૪૩ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત જી.ઈ.બી.થી સ્મશાન તરફના ઉપડ-ખાબડ માર્ગને સીધો બનાવવા ૧ કરોડ ખર્ચાશે. આ ઉપરાંત રોડ નં. ૧ તેમજ રોડ નં. ૪એ ના નવીનીકરણ માટે ૩.૬૮ કરોડનો ખર્ચ થશે. માર્ગ નવીનીકરણના બાકી કામો આગામી એપ્રિલ મહીનામાં હાથ ધરાશે. અગાઉ શહેરના ઉભા રોડ નં. ૨ અને ૩નું કામ પૂર્ણ કરી દેવાયું છે. આગામી દિવસોમાં બાકી રહેલા રસ્તાઓને પણ ચકાચક બનાવી દેવાશે.